For Private Circulation Only

Price Rs. 5/-

# B.P.A. newsletter

અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ
સંશોધન અને સમાચારનું
મુખપત્ર

વર્ષ : ૨૩
અંક : ૦૩
જુલાઈ, ૨૦૦૮

આ મુખપત્ર રાષ્ટ્રીય અંધજન મંડળ હેઠળ ચાલતી સંકલિત શિક્ષણ યોજનાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું પ્રતિબિંબ છે.

## નેત્રહીન વિદ્યાર્થીઓનું હિમાલયના પહાડોમાં ટ્રેકિંગ

જ્યારે ગુજરાતમાં તમામ સ્કુલોમાં સમર વેકેશન જાહેર થાય ત્યારે દૃષ્ટિવાળા બાળકો માતા-પિતા સાથે ઈન્ડોર ગેમ રમે અથવા તો નજીકનાં સ્થળો કે થોડા દૂરનાં સ્થળે આનંદ પ્રમોદ કરવા જાય પરંતુ અંધજન મંડળના તેર નેત્રહીન વિદ્યાર્થીઓ સાહસિક પહાડી ટ્રેકિંગ એટલે કે હિમાલયમાં દસ હજાર ફૂટની ઉંચાઈ સર કરીને એક સાહસપૂર્ણ અને તંદુરસ્ત શરીર સૌષ્ઠનો પરિચય આપ્યો હતો.



આ સાહસિક પ્રવાસનું આયોજન યુથ હોસ્ટેલ એસોસિએશન ઑફ ઈન્ડિયા દ્વારા આયોજીત ટ્રેકિંગમાં ઉત્તર ભારતમાં હિમાલયની પર્વત માળાઓમાં ડોબી કેમ્પબેઝથી ચંદ્રખાની સુધી ટ્રેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું.

આ ટ્રેકિંગ દરમ્યાન કેટલાક વ્યક્તિઓ આવા ''સ્પેશ્યલ ચેલેન્જડ'' વિદ્યાર્થીઓ આ શિખર સર કરી શકશે કે નહીં તેના વિષે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. પરંતુ આ ટ્રેકીંગમાં સંપૂર્ણ નેત્રહીન પાંચ વિદ્યાર્થીઓ તેમજ આઠ અલ્પદૃષ્ટિના વિદ્યાર્થીઓએ ડોબીબેઝ કેમ્પ ૪૫૦૦ ફૂટ, ખરોગી ૬૨૦૦ ફૂટ, નયા તામુતારા કેમ્પ ૮૨૦૦ ફૂટ, ચંદ્રખાની બરફાચ્છાદિત વિસ્તાર ૧૦ હજાર ફૂટના ચઢાણો ધૈર્ય અને કુશળતા પૂર્વક પ્રસાર કરીને આનંદિત બની ગયા હતાં. આ ટ્રેકિંગમાં ખાસ કરીને સામાન્ય ટ્રેકરોની જેમ જ ચઢાણ, રેપલીંગ, રીવર ક્રોસીંગ વિદ્યાર્થીઓએ કર્યું હતું. સાથો સાથ આ વિદ્યાર્થીઓ બરફ પર તેમજ પથરાળ વિસ્તારમાં ચઢાણ કરતાં તેમણે જુદા જુદા પર્વતીય પક્ષીઓના અવાજનો અનુભવ મેળવી વિદ્યાર્થીઓએ સમર વેકેશનમાં દસ હજાર ફૂટની ઉંચાઈનો પણ કુદરતી અતિ આહલાદ્ક વાતાવરણનો આસ્વાદ માણ્યો.

આ પ્રવાસમાં જોડાયેલ ધોરણ ૫ નો વિદ્યાર્થી રાહુલ રામદાસ વર્મા એ જણાવ્યું હતું કે બસમાં ઘણી વખત મુસાફરી કરી છે પરંતુ ટ્રેનમાં લાંબી અને પહેલ-વહેલાં મુસાફરી કરવાનો કંઈક જુદો જ આનંદ હતો.

# આઉટ સોર્સિંગના બિઝનેશનમાં ટ્રેનિંગ લેતા નેત્રહીનો

કહેવાય છે કે ચાન્સ, સપોર્ટ, મોટીવેશન મળે તો કોઈપણ વ્યક્તિ ધારી સફળતા હાંસલ કરી શકે. ૨૧મી સદીમાં આઉટ સોર્સિંગના વર્લ્ડમાં મેડીકલ ટ્રાન્સસ્ક્રિપ્શન ખૂબ મહત્ત્વનું અને પ્રખ્યાત છે જે તાલીમ નેત્રહીન વિદ્યાર્થીઓ પણ લેવા માટે તત્પર બન્યા છે. કૉલેજ અભ્યાસની સાથે સાથે જીવનમાં ઉચ્ચ સ્થાને જવાની ખેવના અને તમન્ના ધરાવતા અને ઉંચા શિખરો સર કરવા એક તબક્કે આવેલી નેત્રહીનતાની સમસ્યાના અવરોધ વચ્ચેથી પણ સરળ માર્ગ શોધીને આગળ વધવા વધુ તત્પર બનીને ત્રણ વિદ્યાર્થીઓ (૧) અભિષેક પંડ્યા, (૨) અયાઝ કુરેશી, અને (૩) દિલીપ ચૌહાણ આ કોર્સમાં જોડાયા છે. આ પસંદગી અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ દ્વારા કરીને તેઓને વધુ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**મેડીકલ ટ્રાન્સસ્ક્રિપ્શન એટલે શું ?**

**વિદેશમાં ડૉક્ટર પેશન્ટ વચ્ચેની વાતચીત અથવા ડૉક્ટર દ્વારા અપાતા પ્રિસ્ક્રિપ્શનનો ઓડિયો ડેટા ફરજિયાતપણે તૈયાર થાય છે જે એશિયા કન્ટ્રીઝમાં મોકલાય છે, અને આ ઓડિયો ડેટાને બુક ટેક્સ્ટ ડેટામાં કન્વર્ટ કરીને પરત મોકલાય છે જે મેડીકલ ટ્રાન્સસ્ક્રિપ્શન તરીકે ઓળખાય છે.**

આકાર એજ્યુકેશન એકેડેમીમાં આ વિદ્યાર્થીઓ કોર્ષની ટ્રેનિંગ લઈ રહ્યાં છે. આમ, આ કોર્સ ત્રણ વિભાગમાં હોય છે, જેમાં મેડીકલ ટર્મનોલોજી, ત્યારબાદ પ્રિસ્ક્રિપ્શન અને બેઝિક ગ્રામર તેમજ અંતમાં કોમ્યુનિકેશન સ્કીલ શીખવવામાં આવતી હોય છે. ગુજરાતમાં નેત્રહીન વિદ્યાર્થીઓ માટે મળેલી આ પ્રથમ આકસ્મિક તક તરીકે ચોક્કસ ગણાવી શકાય.

## ફિઝીયોથેરાપી સેન્ટરની અનેરી સિદ્ધિ

અંધજન મંડળનાં પ્રાગણમાં ચાલતા ફિઝીયોથેરાપી સેન્ટરનાં અભ્યાસક્રમનું તાજેતરમાં પરિણામ ૯૦% આવ્યું. આ પરિણામમાં પાસ થનાર વિદ્યાર્થીઓ પૈકીમાંથી ૬ વિદ્યાર્થીઓને રોજગારી પ્રાપ્ત થઈ છે, ૩ વિદ્યાર્થીઓને ગુજરાતમાં રોજગારી પ્રાપ્ત થઈ છે, જ્યારે અન્ય ૩ વિદ્યાર્થીઓએ મહારાષ્ટ્રમાં રોજગારી મળી છે. ૧૯૮૨માં શરૂ થયેલા ફિઝીયોથેરાપી સ્કુલનાં પ્રથમ વિદ્યાર્થી શ્રી જ્યોતિન્દ્ર દેસાઈનાં બન્ને પુત્રો ફિઝીયોથેરાપીસ્ટ થયા તેમજ તેઓ બન્ને વધુ અભ્યાસ તથા આર્થિક વિકાસ માટે ઓસ્ટ્રેલિયા ગયા છે તે બદલ સંસ્થા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

# સાડી પરિધાન સ્પર્ધા

સામાન્ય રીતે કહી શકાય કે જોઈને તો અનુકરણ જલ્દી થઈ જાય એમાં કોઈ બહુ મોટી ખૂબી ન કહેવાય, પરંતુ આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેમ સ્પર્શના અનુભવથી કરેલું સાડી પરિધાન કૌશલ્ય અનોખી ખૂબી ગણાય. આવી અનોખી સિદ્ધિની સીધી સ્પર્ધા અંધજન મંડળના પરિસરમાં યોજાય ગઈ.

નેત્રહીન મહિલાઓના સર્વાંગી વિકાસને લક્ષમાં રાખીને કાર્યરત બ્લાઈન્ડ વિમેન્સ એસોસિએશન ઑફ ગુજરાત દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે તેના એક ભાગ રૂપે મહિલાઓ દ્વારા સાડી પરિધાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું ત્યારે સ્પર્ધામાં ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો. સામાન્ય રીતે જ્યારે સામાન્ય મહિલાઓ પણ સાડી પહેરવામાં ક્યારેક અનુકરણમાં ભૂલ કરે છે ત્યારે આ સ્પર્ધામાં સમય મર્યાદામાં પસંદગી કૌશલ્ય અને તાલીમ દ્વારા બહેનો ઉલ્લાસમય રીતે ભાગ લઈને જાણે એમ કહી રહી છે કે અમને પણ સરસ સાડી પહેરતાં આવડે છે.

# શૈક્ષણિક પ્રવાસે એન.આઈ.વી.એચ.-દહેરાદૂનની ટીમ

નેશનલ ઈંસ્ટીટ્યૂટ ફૉર વિઝ્યુઅલ હેન્ડીકેપ, દહેરાદૂન (ઉત્તરાંચલ) સંચાલિત ફિઝીયોથેરાપી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ તા. ૨૪-૬-૨૦૦૮ થી ૩૦-૬-૨૦૦૮ સુધી સંસ્થાની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ સમય દરમ્યાન તેમણે અંધજન મંડળના વિભાગોની મુલાકાત તેમજ ફિઝીયોથેરાપી સ્કુલ અને ફિઝીયોથેરાપી ક્લીનીકના તમામ મશીનો તેમજ કાર્ય પદ્ધતિનું પ્રેક્ટીકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું. તેમજ નેત્રહીન ફિઝીયોથેરાપીસ્ટો માટે નોકરીની તકો તથા પ્રાઈવેટ ક્લીનીક ડીપ્લોમા ઈન ફિઝીયોથેરાપી તેમજ ફિઝીયોથેરાપીના એસોસીએશન વિશે સઘન માહિતી ડૉ. બી. કે. પંચાલ અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી.

## વિકલાંગજનોના ક્ષેત્રમાં ચાલતી સ્પેશ્યલ બી.એડ. કોલેજ નું પરિણામ ૧૦૦%

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સ્પેશ્યલ બી.એડ. અંધજન મંડળ, વસ્ત્રાપુર સંચાલિત તાલીમ કૉલેજ સ્પેશ્યલ એજ્યુકેશન (વી.આઈ.) વિઝ્યુઅલી ઈમ્પેરમેન્ટનું વર્ષમાં ૨૦૦૮ નું પરિણામ ૧૦૦% આવ્યું હતું. તેમાં હીના રોહિત ૭૫.૯૦% સાથે પ્રથમ ક્રમાંકે આવીને અભિનંદનને પાત્ર થઈ છે.

# 'સવિનય સંમિલ્લિત વિદ્યાલય', બાવળા ની દિલ્હીના પ્રતિનિધિઓ દ્વારા ખાસ મુલાકાત

બાવળામાં આવેલી 'સવિનય સંમિલ્લિત વિદ્યાલય'ની સર્વ શિક્ષા અભિયાન હેઠળ તમામ રાજ્યોના પ્રતિનિધિઓએ મુલાકાત લઈ સંમિલ્લિત શિક્ષણના નૂતન અભિગમ હેઠળ અભ્યાસ કરતાં તમામ બાળકો માટેની સમાન તકને બિરદાવી હતી.

શારીરિક વિકલાંગતા ધરાવતા બાળકોની સાથે સામાન્ય બાળકો અભ્યાસ માટે જોડાય ને સમાન શિક્ષણની તક પ્રાપ્ત થાય તેવી 'સવિનય સંમિલ્લિત વિદ્યાલય'ની મુલાકાતે સર્વ શિક્ષા અભિયાન હેઠળ ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ન્યૂ દિલ્હી દ્વારા આયોજીત ત્રીજી રાષ્ટ્રીય પરિષદ અમદાવાદમાં યોજાઈ હતી. જેમાં ભાગ લેનાર તમામ રાજ્યોના પ્રતિનિધિઓએ આ મુલાકાત લીધી હતી. સાથો સાથ વિકલાંગ બાળકોની બાવળા તાલુકાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં સંકલિત શિક્ષણ યોજના હેઠળ અભ્યાસ કરતાં વિકલાંગ બાળકોની તેઓએ રૂબરૂ મુલાકાત લઈને વર્ગશિક્ષક અને પ્રવાસી વિશિષ્ટ શિક્ષકની નિષ્ઠાને બિરદાવી હતી. ભારત સરકારના એસ.એસ.એ.એમ.-આઈ.ઈ.ડી.ના કન્સલ્ટન અનુપ્રિયા ચઠ્ઠા ઉપસ્થિત રહી પ્રોત્સાહન તેમજ જરૂરી સૂચનો આપ્યા હતાં.

આ કોન્ફરન્સમાં અંધજન મંડળના કાર્યકારી નિયામક ડૉ. ભૂષણ પુનાની અને પરિયોજના નિયામક શ્રીમતી નંદિનીબેન રાવલ તરફથી ગુજરાતમાં 'સંમિલ્લિત શિક્ષણના વ્યાપ્ત-તકો અને સર્વ શિક્ષા અભિયાન મિશન કાર્યક્રમ'ને અંધજન મંડળ તરફથી સહાયક સેવાઓ બાબતે સૌને માહિતગાર કર્યા હતાં.

# શ્રી વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ, કપડવંજ આયોજિત વિવિધ કાર્યક્રમો





શ્રી વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ, કપડવંજ ખાતે સમાજ સુરક્ષા, નડિયાદ તથા નેશનલ ટ્રસ્ટ, ભારત સરકારના અનુદાનથી વિકલાંગ બાળકોના વાલીઓ માટે એક દિવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશિબિરમાં કુલ ૬૦ વાલીઓ તથા સ્ટાફ મળી ૮૦ વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યશિબિર મંદબુદ્ધિ, બહુવિકલાંગ, સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમવાળા બાળકોના વાલીઓને જાગૃત કરવાના મુખ્ય હેતુ સાથે નેશનલ ટ્રસ્ટની માહિતી તથા તેના દ્વારા ચાલતી વિકલાંગોના પુનર્વસન પ્રોજેક્ટની માહિતી તથા પ્રોજેક્ટનો લાભ કઈ રીતે મળે તેનો સંપૂર્ણ ખ્યાલ સંસ્થાના પ્રવાસી શિક્ષકો દ્વારા આપવામાં આવ્યો હતો.

આ કાર્યશિબિરને સફળ બનાવવા માટે ખેડા જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીશ્રી અનિલભાઈ દવે, કપડવંજ મામલતદાર શ્રી મહેતા સાહેબ તથા સંસ્થાના મંત્રીશ્રી ડૉ. કુંડલીઆ તથા શ્રી ધનવંતભાઈ ગાંધી ઉપસ્થિત રહી પોતાના આશીર્વચન પાઠ્યા હતા.

શ્રી વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ, કપડવંજ દ્વારા અખિલ ગુજરાત વિકલાંગ પસંદગી સંમેલનનું આયોજન કરેલ. જેમાં કુલ ૧૬૮ વિકલાંગ ભાઈઓ, ૧૬ વિકલાંગ બહેનો તથા તેમના માતા-પિતાએ ભાગ લીધો. સંસ્થા દ્વારા વિકલાંગોના પુનર્વસનની કામગીરી છેલ્લા ૧૨ વર્ષથી ખેડા જિલ્લાના પાંચ તાલુકા (કપડવંજ, કઠલાલ, ઠાસરા, બાલાસિનોર તથા વિરપુર)માં ચાલે છે. જેમાં સામાજિક પુનર્વસનના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરેલ. જેથી વાલીઓ પોતાના વિકલાંગ યુવક-યુવતીઓ માટે યોગ્ય પાત્ર મેળવી શકે. કાર્યક્રમના ઉદ્‌ઘાટક શ્રી ડૉ. મધુબેન નાયક, સેક્રેટરી ગુજરાત રાજ્ય શાખા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, મુખ્ય મહેમાન શ્રી ફુટરમલ પોરવાલ, મંત્રીશ્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ, અતિથિ વિશેષ શ્રી મણીભાઈ પટેલ, હાલના કપડવંજ મતવિસ્તારના ધારાસભ્ય, સંસ્થાના સેક્રેટરી શ્રી જે. કે. પરીખ, શ્રી ડૉ. કુંડલીઆ સાહેબ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન હાજર રહી વિકલાંગો તથા વાલીઓનો ઉત્સાહ વધારી સતત માર્ગદર્શન આપ્યું તથા યોગ્ય પાત્રોની પસંદગી થશે તો તેમના સમુહ લગ્નના આયોજન કરવાની સંસ્થાએ ખાત્રી આપી હતી. સ્થળ પર બે પાત્રની પસંદગી થવા પામેલી.

# દ્રષ્ટિવિહીન મહિલાઓ માટેની સૂક્ષ્મ-શાખ (માઈક્રો-ક્રેડિટ) પરિયોજના એટલે ''સ્વયં સિધ્ધા''

''સ્વયંસિધ્ધા'' સૂક્ષ્મ-શાખ પરિયોજના ક્રિસ્ટોફેલ બ્લાઈન્ડ મિશનની ભંડોળ સહાયથી દ્રષ્ટિક્ષતિ પામેલી મહિલાઓને તેઓના આર્થિક, સામાજીક તેમજ સાંસ્કૃતિક પુનર્વસન તરફ આત્મનિર્ભર બનાવવા માટે રચના કરવામાં આવી છે.

આ પરિયોજનામાં ગુજરાતના રહેવાસી તેમજ ૧૮ થી ૬૦ વર્ષની દ્રષ્ટિક્ષતિ સિવિલ સર્જન પ્રમાણપત્ર ધરાવતી કોઈપણ મહિલાને પંદર હજાર અને ખાસ કિસ્સામાં પચ્ચીસ હજાર સુધી સૂક્ષ્મ-શાખ આપી તેઓને સ્વાવલંબી બનાવવાનો એક નમ્ર પ્રયાસ છે.

**''સ્વયંસિધ્ધા'' સૂક્ષ્મ-શાખ પરિયોજનાના હેતુઓ :**

- ધંધાકીય કે કોઈપણ આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવા, વિકસાવવા, સધ્ધર બનાવવા મૂડી અથવા કાર્યશીલ મૂડી પૂરી આપવા
- નિયોજકીય અને સંચાલકીય/પ્રશિક્ષણ મેળવવા
- દ્રષ્ટિહીન મહિલાઓમાં ઉચ્ચશિક્ષણ, વ્યવસાયિક અને તકનિકી તાલીમને ઉત્તેજન આપવા
- તેઓમાં બહુ-કૌશલ્યો વિકસાવવા
- તેઓમાં હુન્નર મનોરંજન કળાઓ અને કારીગરીને પ્રોત્સાહન આપવા
- તેઓ સ્વ-રોજગાર અને નોકરીઓ મેળવવાને લાયક બને તેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા
- તેઓના રહેઠાણ કે ધંધાના મકાનોને બાંધકામમાં/સમારકામમાં/ સુધારા વધારા કરવામાં સહાય કરવા
- વિશેષ જ્ઞાન અથવા વિશિષ્ટીકૃત તજજ્ઞતાનું જ્ઞાન મેળવાના નિષ્ણાત પ્રશિક્ષકો કે રમત-ગમતના નિષ્ણાત વ્યક્તિગત પ્રશિક્ષકો રાખી શકાય તે હેતુ માટે
- સામાજીક મુખ્ય પ્રવાહમાં એકરૂપ અને સમરસ બનવા તરફની કોઈપણ પ્રવૃત્તિ કરવા માટે

**''સ્વયંસિધ્ધા'' સૂક્ષ્મ-શાખ નિયમો અને શરતોને આધિન ધિરાણ આપશે :**

દ્રષ્ટિક્ષતિ પામેલી મહિલાને વધુમાં વધુ રૂા. ૧૫,૦૦૦/- (પંદર હજાર)ની લોન એક સરખા ૩૬ હપ્તાઓમાં તેના ઉપર ૬ ટકાના પ્રતિવર્ષ વ્યાજના દરે પરત કરવાની શરતે ખાસ કિસ્સામાં તે વધુમાં વધુ રૂા. ૨૫,૦૦૦/- (પચ્ચીસ હજાર)ની લોન ૪૮ ના એક સરખા હપ્તાઓમાં ૬ ટકાના પ્રતિવર્ષ વ્યાજના દરે પરત કરવાની શરતે આપવામાં આવશે.

ખાસ કિસ્સાઓમાં સૂક્ષ્મ-શાખ વ્યવસ્થાપક સમિતિની પૂર્વ સંમતિથી વિકલાંગતા ધરાવતી બે કે વધુ મહિલાઓ જેમાંથી એક દ્રષ્ટિક્ષતિ પામેલી હોય તેઓ પણ માન્ય હેતુઓ મુજબની પ્રવૃત્તિઓ કરવા માટે સંયુક્ત રીતે કરજ અરજી કરી શકશે.

લોન ઉપર વ્યાજનો વાર્ષિક દર મુદ્દલની ઘટતી જતી બાકી રકમ ઉપર ૬ ટકાનો રહેશે અને દરેક હપ્તાની રકમમાં મુદ્દલ રકમ સાથે આ દરે વ્યાજની રકમ ઉમેરેલી હશે. લોન લેનારે હપ્તા ભરવાની તારીખ સૂક્ષ્મ-શાખ વ્યવસ્થાપક સમિતિ જે ઠરાવે તે હશે અને તે મુજબના હપ્તા એપ્રિલ થી માર્ચ ના હિસાબી વર્ષના દરેક માસની તારીખ ૧ થી ૭ માં ભરવાના રહેશે.

જો કોઈ હપ્તો ભરવામાં વિલંબ થાય તો લોન લેનારે તે હપ્તાની પાકતી તારીખ થી વિલંબના સમય માટે હપ્તામાં કુલ મુદ્દલ અને વ્યાજની જે રકમ હોય તેના ઉપર ૬ ટકા લેખે વધારાનું વ્યાજ ભરવાનું રહેશે.

પરંતુ લોન લેનાર હપ્તાઓ નિયત કરેલી તારીખોમાં લોનની મુદત સુધી નિયમિત રીતે ભરશે તો લીધેલી લોનની મુદલ રકમ ઉપર શરૂઆતથી તે છેલ્લા હપ્તા સુધીના સમયનું ૨ ટકા લેખે વ્યાજનું વળતર (રિબેટ) આપવામાં આવશે. પણ આ પરત આપવાના વળતરની રકમ છેલ્લા હપ્તાઓમાં મજરે આપવામાં આવશે. (ટૂંકમાં નિયમિત હપ્તા ભરનારને લોન ઉપર વ્યાજ પ્રતિવર્ષ ૪ ટકા લેખે જ ભરવાનું રહેશે.)

**''સ્વયંસિધ્ધા'' સૂક્ષ્મ-શાખનું અરજી પત્રક ક્યાંથી મેળવવું?**

સૂક્ષ્મ-શાખની લોન મેળવવા ઈચ્છતી દ્રષ્ટિહીન મહિલાએ અંધજન મંડળ, જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ ની સંસ્થામાંથી સૂક્ષ્મ-શાખ વિભાગમાંથી વિના મૂલ્યે મેળવી શકાશે.

અરજીપત્રક કુટુંબના કોઈ સગા, સ્નેહી, વ્યક્તિ, મિત્રની મદદથી ભરીને આપવાનું રહેશે.

અરજીપત્રકમાં લોનની ભરપાઈ થાય તેની સલામતિની સુવિધા માટે ઓછામાં ઓછા બે જામીનદારો/બાંહેધરી આપનારાઓ દર્શાવવાના રહેશે અને તેઓની માહિતી આપવાની રહેશે. અરજીપત્રક પૂરેપૂરી વિગતોથી ભરાયેલું હોય અને તેની ખરાઈ ચકાસણી થાય પછી જ યોગ્ય જણાતાં ધિરાણ આપવામાં આવશે.

લોન લેનારને લોનની લેવડ-દેવડ માટે કોઈપણ રાષ્ટ્રીયકૃત અથવા સહકારી બેંકમાં પોતાનું બચત ખાતું ખોલાવવાનું રહેશે.

આ પરિયોજના ગુજરાત રાજ્યના રહેવાસીઓ પૂરતી મર્યાદિત હોવા છતાં તેવી ન હોય તે દ્રષ્ટિક્ષતિ પામેલી મહિલાને પણ અપવાદરૂપ (ખાસ કિસ્સા તરીકે માન્ય હેતુ માટે) અરજી કરી શકશે.

આમ, આ ''સ્વયંસિધ્ધા'' સૂક્ષ્મ-શાખ પરિયોજનાનો મુખ્ય ઉદ્દેશ દ્રષ્ટિક્ષતિ પામેલી મહિલાઓ પોતાનું સ્વાવલંબી જીવન ઘડવા અને કુટુંબ તેમજ સમુદાયને મદદરૂપ બનવા તેનો અવશ્ય લાભ લઈ શકશે.

# ગુજરાત માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક બોર્ડ પરીક્ષામાં જ્વલંત સફળતા

રાષ્ટ્રીય પુરસ્કૃત યોજના તળે સંકલિત શિક્ષણમાં રાષ્ટ્રીય અંધજન મંડળ (ગુજરાત રાજ્ય શાખા), અમદાવાદ, બાવળા, ધોળકા અને સાણંદની સામાન્ય શાળામાં અભ્યાસ કરતાં દૃષ્ટિહીન, અલ્પદૃષ્ટિ, શ્રવણક્ષતિવાળા વિદ્યાર્થીઓએ માર્ચ, ૨૦૦૮માં સામાન્ય બાળકો સાથે રહીને પરીક્ષા આપી હતી.

અભ્યાસમાં બોર્ડની પરીક્ષાનું મહત્વ અને જીવનમાં આગળ વધવાના લક્ષ્ય સાથે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓએ પોતાની વિકલાંગતાને અવગણીને જીવનમાં આગળ વધવા માટે તેઓએ મહેનત અને પરિશ્રમ કરીને પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતાં.

| ક્રમ | વિકલાંગતા | બાળકનું નામ | ધોરણ | શાળાનું નામ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | VI | ઝાલા સિધ્ધરાજ જયેન્દ્રસિંહ | પીટીસી | પી.ટી.સી. કૉલેજ, ગુંદી, તા. ધોળકા, અમદાવાદ. | ૮૫ |
| ૨. | VI | પટેલ કિશન પુનમભાઈ | ૧૨ | ચલોડા હાઈસ્કુલ, ધોળકા | ૭૪ |
| ૩. | OH | સેનવા મહેશભાઈ કાળુભાઈ | ૧૨ | શેઠ સી. કે. હાઈસ્કૂલ, સાણંદ | ૭૦ |
| ૪. | VI | મોચી પૂંજા અશોકભાઈ | ૧૦ | અર્બુદા સંસ્કાર વિદ્યાલય | ૬૯ |
| ૫. | VI | મોમીન કાસમ એ. | ૧૨ | હસનઅલી હાઈસ્કૂલ, ધોળકા | ૬૮ |
| ૬. | VI | પટેલ જીગીષા મહેશભાઈ | ૧૦ | સનફલાવર ગર્લ્સ હાઈસ્કૂલ, જીવરાજ પાર્ક, અમદાવાદ | ૬૮ |
| ૭. | VI | કોષ્ટિ સાગર દશરથભાઈ | ૧૦ | ગુરૂકુળ વિદ્યાલ્ય, ઈસનપુર, અમદાવાદ | ૬૭ |
| ૮. | VI | જૈન ચંદનબાળા હુકમચંદ | ૧૨ | સરસ્વતી કન્યા વિદ્યાલય, કલીકુંડ, ધોળકા | ૬૬ |
| ૯. | VI | શાહ પ્રિયાંક ગૌતમભાઈ | ૧૦ | શેઠ સી. કે. હાઈસ્કૂલ, સાણંદ | ૬૬ |
| ૧૦ | VI | બારોટ ચાંદની જીતેન્દ્રભાઈ | ૧૦ | જ્ઞાનયજ્ઞ માધ્યમિક કન્યા શાળા | ૬૩ |
| ૧૧. | VI | સોની મેહુલ નયનભાઈ | ૧૨ | શેઠ અમલૂખમાં વિદ્યાલય, ગોતા, અમદાવાદ. | ૬૦ |
| ૧૨. | HI | બરહાટે નિધિ પ્રશાંતભાઈ | ૧૨ | શ્રી સરસ્વતી મંદિર હાઈસ્કૂલ, મણિનગર, અમદાવાદ. | ૫૯ |
| ૧૩. | VI | વિશાલ બાબુભાઈ પરમાર | ૧૨ | શાંતિનિકેતન હાઈસ્કૂલ, અમરાઈવાડી, અમદાવાદ. | ૫૯ |
| ૧૪. | VI | જૈન રાહુલ હુકમચંદ | ૧૦ | સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા મફલીપુર, ધોળકા | ૫૩ |
| ૧૫. | HI | દવે જય મુકેશભાઈ | ૧૦ | પુલકિત વિદ્યાલય, વાસણા, અમદાવાદ | ૪૯ |

## ‘SCOP’ની તાલીમ

ગુજરાત સરકાર દ્વારા ‘સોસાયટી ફૉર ક્રિએશન ઑફ ઓપોર્ચ્યુનિટી થ્રુ પ્રોફિસીયન્સી ઈન ઈંગ્લીશ(SCOP)’ થી વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં વિશેષ રસ-રૂચિ કેળવીને પ્રાથમિક જરૂરિયાત સંતોષીને પોતાના આત્મવિશ્વાસમાં વધારો થાય તેવો તેનો મૂળ ઉદ્દેશ છે.

કેન્દ્રીય પુરસ્કૃત વિકલાંગ બાળકો માટે સંકલિત શિક્ષણ યોજના હેઠળ સામાન્ય શાળાઓમાં અભ્યાસ કરતા દૃષ્ટિહીન, અલ્પદૃષ્ટિ, શ્રવણમંદ, સેરેબ્રલ પાલ્સી તેમજ માનસિક ક્ષતિ ધરાવતા બાળકોને શિક્ષણમાં અંગ્રેજી પ્રત્યે અભિરૂચી વિકસે તે માટે રાષ્ટ્રીય અંધજન મંડળ (ગુ.રા.શાખા), વસ્ત્રાપુર દ્વારા શ્રી આર.એમ. પરીખ રિસોર્સ સેન્ટરમાં તા. ૨૧-૪-૨૦૦૮ થી તા. ૩-૫-૨૦૦૮ સુધી ‘સ્કોપ’ની તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં ‘એ-વન’ વર્કબુક, કોર્સ બુક દ્વારા વોકયુબ્યુલરીલીંક, લીસ્નિંગ, સ્પિકીંગ અને પ્રોનાઉન્સીંગ, રીડીંગ-રાઈટીંગ, લેગ્વેંજ લીંક, કોમ્યુનિકેશનની સઘન જાણકારી આપીને વિદ્યાર્થીઓને સતત પુનરાવર્તન કરાવી તાલીમ આપી હતી.

આ તાલીમમાં ૧૬ દૃષ્ટિહીન, ૧૪ શ્રવણમંદ, ૧ સેરેબ્રલ પાલ્સી અને ૧ મંદબુદ્ધિતા ધરાવતા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# RCI-CRE પ્રોગ્રામ

વિકલાંગજનોના શિક્ષણ, તાલીમ, પુનર્વસન ક્ષેત્રે કાર્ય કરતી વ્યક્તિઓએ રિહેબિલિટેશન કાઉન્સીલ ઑફ ઈન્ડિયાના સૌજન્યથી જૂનાગઢ, ઈડર, કપડવંજ, ભૂજ, નડિયાદ, જામનગર અને અમદાવાદ ખાતે RCI-CRE વર્કશોપ યોજાય ગયો. આ વર્કશોપમાં ગુજરાત રાજ્યનાં ડિસેબિલિટી કમિશ્નરશ્રીએ તેમજ જુદી જુદી સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ ઉદ્‌ઘાટન કરીને RCI-CRE કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

આ કાર્યશાળાઓમાં કુલ ૨૧૪ તાલીમાર્થીઓએ ભાગ લઈ વિકલાંગતાના શિક્ષણ, તાલીમ અને પુનર્વસન ક્ષેત્રના આધુનિક નૂતન પ્રવાહથી વાકેફ થયા.

## CRE PROGRAMME IN THE FIELD OF HEARING IMPAIRMENT / MENTALRETARDATION / VISUAL IMPAIRMENT

| S. N. | Date | TITLE OF THE COURSE | NAME OF THE ORGANIZATION | FIELD | TOTAl CANDIDATE |
|---|---|---|---|---|---|
| 1 | 17 to 21June, 2008 | Integrated Education of Children of Hearing Impairment | NAB Junagadh | HI | 25 |
| 2 | 17 to 21June, 2008 | Parent - Infant - Programme and Mother's Training | S.G. Bharambhatt Badhir Vidhyavihar, Nadiad | HI | 25 |
| 3 | 17 to 21June, 2008 | Parevention Early Identification & Early Intervention | V. S. Gandhi Chedritable Trust, Kapadvanj | MR | 25 |
| 4 | 17 to 21June, 2008 | Early Childhood Special Education | NAB Jamnagar | MR | 25 |
| 5 | 17 to 21June, 2008 | Teaching of Science to VI Memnagar, Ahmedabad | Andh Kanya Prakash Gruh, | VI | 25 |
| 6 | 24 to 28June, 2008 | Assistive Devices for Person with Mental Retardation | B.P.A.– K.C.R.C., Bhuj | MR | 14 |
| 7 | 24 to 28June, 2008 | Rehabilitation of people's with Low Vision | V. S. Gandhi Chedritable Trust, Kapadvanj | VI | 25 |
| 8 | 24 to 28June, 2008 | E.T & Computer Aided Software for Screen Reading like JAWS...etc. | NAB Junagadh | VI | 25 |
| 9 | 1 to 5 July, 2008 | Teaching of Mathematic to VI | NAB, Idar, Sabarkantha | VI | 25 |

## અભિનંદન

- વિકલાંગ બાળકોની શિક્ષણ, તાલીમ અને પુનર્વસન ક્ષેત્રે કાર્યરત 'આશીર્વાદ ડે-કેર સેન્ટર-સાયલા'ના વિશિષ્ટ શિક્ષિકા અંજનાબેન આચાર્યને ગુજરાત રાજ્ય, શિક્ષણ મંત્રીશ્રી, રમણલાલ વોરાના હસ્તે તા. ૨૩ એપ્રિલ, ૨૦૦૮ ના રોજ 'બેસ્ટ ટીચર'નો એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

- 'પર્કિન્સ સ્કૂલ ફૉર ધી બ્લાઈન્ડ-યુ.એસ.એ.'માં એજ્યુકેશન લીડરશીપ પ્રોગ્રામ (ઈ.એલ.પી.)માં બહુવિકલાંગતા વિભાગના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રીમતી કૃપા વેલાણી, અંધજન મંડળ, અમદાવાદ થી વર્ષ ૨૦૦૮-૦૯માં પસંદગી -નિયુક્ત થયા છે. જેઓનો શૈક્ષણિક કાર્યકાળ તા. ૨-૯-૨૦૦૮ થી ૩૧-૫-૨૦૦૯ સુધીનો રહેશે.

## જીવંત પ્રસારણ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ તરાહમાં અભ્યાસ કરતાં સ્પેશ્યલ બી.એડ. (વી.આઈ.-એચ.આઈ.-એમ.આર.)ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને અંધજન મંડળના પ્રાર્થના હોલથી એજ્યુસેટ દ્વારા વિવિધ વિષયોના તજજ્ઞો થકી અભ્યાસલક્ષી માર્ગદર્શન અપાતું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેમાં બી.એ.ઓ.યુ., અમદાવાદ થી ડૉ. ધર્મેન્દ્ર બકરાણીયાએ રસસભર માહિતીની આપ-લે કરી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન ડૉ. એમ. એલ. જોશી તથા નાયબ નિયામક, આઈ.ઈ.ડી.સી. સેલના શ્રી કૃષ્ણકાંતભાઈ પારેખ દ્વારા ઉપસ્થિત રહી પરીક્ષાલક્ષી વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

# સેરીબ્રલ પાલ્સી (સી.પી.) બાળકને ચાલવામાં તકલીફ શા માટે પડે છે?

સેરીબ્રલ પાલ્સીએ નાની ઉંમરે બાળકના કુમળા અથવા વિકાસ પામતા મગજને અસર થવાથી થતી તકલીફ છે. મગજમાં થયેલી અસર સમય જતા વધતી નથી પણ સ્નાયુમાં થતાં ફેરફારને લીધે રોગ વધતો હોય તેવું લાગે છે. મગજના કયા અને કેટલા ભાગને અસર થઈ છે તેના પર બાળકની તકલીફનો આધાર છે. સેરીબ્રલ પાલ્સીના દરેક કેસમાં બાળકના હલનચલન અને સમતુલનને વત્તે ઓછે અંશે અસર થાય છે. તે ઉપરાંત બોલવામાં, જોવામાં, હાથના ઉપયોગમાં અને સમજવામાં પણ અસર થઈ શકે છે. **એ એક ખોટી માન્યતા છે કે સેરીબ્રલ પાલ્સી બાળકનો બુદ્ધિઆંક (I.Q.) ઓછો હોય છે.** ઘણા કિસ્સામાં બાળકનો બુદ્ધિઆંક સામાન્ય બાળક જેટલો જ હોય છે પણ શારીરિક તકલીફને લીધે બાળક પ્રથમ નજરે મંદબુદ્ધિનું લાગે છે.

સેરીબ્રલ પાલ્સી બાળકને ચાલવામાં તકલીફ કેમ પડે છે તેના કારણો આપણે સમજીએ.

- **સ્નાયુઓનું અક્કડપણું (spasticity)** : મોટે ભાગના સેરીબ્રલ પાલ્સી બાળકના સ્નાયુઓ કડક રહેતા હોય છે. જેને કારણે તેઓ બીજા બાળકો જેટલી સરળતાથી ચાલી શકતા નથી. આ અક્કડપણાને લીધે બાળક ચાલવા જાય ત્યારે પંજો ઉંચો થઈ જવાની, પગે ચોકડી વાગવાની કે ઢીંચણમાંથી વળી જવાની તકલીફો થતી હોય છે. સ્પાસ્ટીસીટી બાળકની પોઝીશન પર પણ આધાર રાખે છે. બાળક સૂતું હોય ત્યારે આ સ્પાસ્ટીસીટીને સૌથી ઓછી છે પણ બાળક ઉભુ થવા કે ચાલવા જાય ત્યારે સ્પાસ્ટીસીટી વધી જાય છે. આ સ્પાસ્ટીસીટીને લીધે બાળકની ઊંચાઈ વધવા સાથે સાંધામાં ખોડ આવે છે.

- **સમતુલના તકલીફ (deficient equilibrium)** : ચાલવા માટે સમતુલન જાળવવું જરૂરી છે. સેરીબ્રલ પાલ્સી બાળકની સમતુલન જાળવવાની ક્ષમતા ઓછી હોય છે જેને લીધે તેઓને બેસવામાં, ઊભા રહેવામાં અને ચાલવામાં તકલીફ પડે છે. બાળકનું સમતુલન બરાબર ન હોય તો ઘણી વાર ચાલવા માટે બાહ્ય ટેકો જેવા કે વોકર કે લાકડીની જરૂર પડે છે. ઘણી વાર બાળક થોડું અંતર છુટું ચાલી શકે છે પણ વધારે અંતર ચાલવા માટે તેને ટેકાની જરૂર પડે છે.

- **સ્નાયુઓના સમન્વયનો અભાવ (lack of muscle co-ordination)** : ચાલતી વખતે ઘણા સ્નાયુઓ વારાફરતી કામ કરતા હોય છે. આ સ્નાયુઓ વચ્ચે સમન્વય હોવો જરૂરી છે. દા.ત. હાલકડોલક સરળતાથી ઊંચું નીચું જાય તે માટે બન્ને બાજુની વ્યક્તિઓ વચ્ચે તાલમેલ હોવો જરૂરી છે. જો સામસામેની વ્યક્તિઓ વચ્ચે સમન્વય ન હોય અને બન્ને વ્યક્તિઓ સાથે ઉપર જવા પ્રયત્ન કરે તો હાલકડોલક ચાલી ન શકે. આ જ રીતે સાંધાની બન્ને બાજુના સ્નાયુઓ તાલમેલથી કામ કરે તો જ હલનચલન સરળતાથી થાય છે. સેરીબ્રલ પાલ્સી બાળકોમાં આ સમન્વયનો અભાવ હોય છે. જેને કારણે સ્નાયુઓ એક સાથે કામ કરવા લાગતા બાળકને ચાલવામાં તકલીફ પડે છે.

- **ઈચ્છા પ્રમાણે હલનચલનનો અભાવ (lack of selective control)** : સામાન્ય બાળક દરેક સાંધા પર પોતાની ઈચ્છા પ્રમાણે હલનચલન કરી શકે છે. દા.ત. હાથ ખભેથી ઊંચો કરી શકે છે. કોણીએથી વાળી શકે છે અને સાથે સાથે આંગળીઓનું હલનચલન પણ કરી શકે છે. ઘણી વખત સેરીબ્રલ પાલ્સી બાળક ઈચ્છા પ્રમાણે દરેક સાંધાનું હલનચલન કરી નથી શકતા. ખાસ કરીને આની અસર હાથમાં કે પગનાં પંજામાં વધારે દેખાય છે. આ કારણે બાળક ધાર્યા પ્રમાણે હલનચલન નથી કરી શકતું.

- **હાડકાં અને સાંધાની વિકૃતિ (deformities of bone & joints)** : ઉંમર વધવા સાથે બાળકની ઊંચાઈમાં વધારો થાય છે. આ ઊંચાઈ હાડકાંની લંબાઈ વધવાથી થાય છે. હાડકાની સાથે સ્નાયુઓની લંબાઈ વધવી પણ જરૂરી છે. જો સ્નાયુઓની લંબાઈ પ્રમાણસર ન વધે તો હાડકાં કરતા સ્નાયુઓ ટૂંકા રહે છે અને તેને લીધે સાંધાનું હલનચલન ઓછું થાય છે. આ તકલીફ સમય જતાં સાંધામાં અને હાડકામાં વિકૃતિ પેદા કરે છે. જે બાળકની તકલીફમાં વધારો કરી બાળક માટે ચાલવાનું અઘરૂં બનાવે છે.

ઉપરોક્ત પાંચ કારણો સેરીબ્રલ પાલ્સી બાળકની તકલીફ માટે જવાબદાર છે. બાળકને આપવામાં આવતી જુદીજુદી સારવાર જુદાજુદા કારણો પર અસર કરે છે. માટે યોગ્ય સારવાર માટે એક કરતાં વધારે સારવાર આપવી જરૂરી બને છે.

– ડૉ. ધીરેન ગંજવાલા *(ઓર્થોપેડીક સર્જન)*
*સૌજન્ય : જાગૃતિ ફાઉન્ડેશન*

# વિકલાંગ બાળકોના વર્ગખંડનું સંચાલન

સામાન્ય શિક્ષણ વર્ગખંડમાં જુદીજુદી જરૂરિયાતો હોય તેવાં બાળકોનો સમાવેશ થતો હોવાથી શિક્ષકો તરીકે તમારે દરેક બાળક અનન્ય હોવાનું મૂલ્ય સમજવું જોઈએ. ઉપઘટકનો આ ભાગ તમને વિવિધ પ્રકારની વિશેષ જરૂરિયાતો/વિકલાંગતાઓ હોય તેવાં બાળકોને શીખવવા માટેની કેટલીક સરળ માર્ગદર્શક રૂપરેખાઓ પૂરી પાડશે.

**દૃષ્ટિની સમસ્યાઓ હોય તેવાં બાળકોને શીખવવું :**

- તમે કાળા પાટિયા ઉપર જે કંઈ લખતા હો તે મૌખિક રીતે બોલો. જ્યારે પાઠ્યપુસ્તકમાંથી શીખવો ત્યારે ચોપડીમાંથી વાંચો અથવા વિદ્યાર્થીઓમાંથી કોઈ એકને ચોપડી વાંચવાને કહો.
- વર્ગમાં નવી સંકલ્પનાનો પરિચય કરાવતી વખતે વિપુલ પ્રમાણમાં બોલેલી સૂચનાઓ આપો.
- નક્કર અનુભવોનો ઉપયોગ કરો. એવી તકો પૂરી પાડો જેમાં વિદ્યાર્થીઓ શબ્દોને સ્પર્શસંવેદનીય/સ્પર્શના અનુભવ સાથે જોડી શકે.
- પ્રવૃત્તિઓનું આયોજન કરો જ્યાં બાળકો પ્રવૃત્તિ કરીને શીખી શકે. નજદીકમાં આવેલી ટપાલ કચેરીની મુલાકાત તેનું વર્ણન કરવા કરતાં વધુ લાભદાયી હશે.
- દૃષ્ટિક્ષતિ પામેલાં અને સામાન્ય બાળકો માટે શીખવાનું આનંદપૂર્ણ બનાવો.
- જ્યારે તમે બાળકને કહેતા હો ત્યારે હંમેશાં તેનું/તેણીનું નામ બોલો, કારણ કે બાળક તમે તેના/ તેણીના તરફ જોઈ રહ્યા છો તે જાણી શકતું ન હોય.
- શાળામાં જો કોઈ પગથિયાં મોજૂદ હોય તો આ બાળકોને તેમની હાજરી વિશે સભાન બનાવો.
- બીજા બાળકોને દૃષ્ટિક્ષતિ પામેલા બાળક સાથે સામાજિક રીતે આંતરક્રિયાઓ (અરસપરસ વાતચીત અને વ્યવહાર) કરવાને સમજાવો.
- બીજા બાળકોને દૃષ્ટિક્ષતિ પામેલ બાળકનો મિત્ર તરીકે સ્વીકાર કરવાને સમજાવો. દૃષ્ટિક્ષતિ પામેલ બાળકને જેટલી શક્ય હોય તેટલી ઘણી શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાને સમજાવો.
- વર્ગમિત્રોને દૃષ્ટિક્ષતિ પામેલ બાળક માટે કાર્ય અને અન્ય એવી સામગ્રી સુગ્રથિત કરવામાં મદદ કરવાને રહો.
- દૃષ્ટિ હોય તેવાં બાળકોને દૃષ્ટિક્ષતિ પામેલ બાળકને હલકું પાડનારા/નીચા દેખાડનારાં વિધાન નહીં કરવાને સમજાવો.

*સૌજન્ય :* Ed. CIL - નવી દિલ્હી

**સંદેશ**

*નેશનલ એસોસિએશન ફૉર ધી બ્લાઈન્ડ (ઈન્ડિયા)ની સ્ટેટ બ્રાન્ચ દ્વારા આપ સૌને અમારી હાર્દિક અપીલ છે કે તમામ જિલ્લામાં આપની સંસ્થા દ્વારા સંકલિત શિક્ષણ યોજના હેઠળ થતા અનેકવિધ વિશિષ્ટ શૈક્ષણિક ક્ષેત્રે, રમત-ગમત ક્ષેત્રે, સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યાખ્યાન માળાઓ, સેમિનાર ઈત્યાદિની માહિતી સચિત્ર રાજ્ય શાખાને મોકલી આપશો તો ન્યૂઝ લેટરમાં યોગ્ય સ્થાન આપી પ્રસ્તુત કરીશું.*

*મુદ્રક અને પ્રકાશક : શ્રીમતિ નંદિનીબેન મુન્શા, સામાન્ય મંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત*
*મુખ્ય સંપાદક : શ્રી બીપીન મહેતા, સહ સંપાદક : હસમુખ શ્રીમાળી મુદ્રક : સિપાઈ ઝાકીર, કામા કોમ્પ્યુટર સેન્ટર*
*છાપકામ : નારણભાઈ પ્રજાપતિ*
*પ્રકાશન સહાયક : હરિશભાઈ એમ. પંચાલ*

If not delivered please return to:
BPA Research and News Letter
**Blind People's Association**
**(Formerly Blind Men's Association)**
Vastrapur, Ahmedabad - 380 015
Gujarat, INDIA.

**BOOK POST**

To,